સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાક્ષીએ આજે જામશે સિનેમાનો મહાકુંભ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દેશભરના ફિલ્મ સર્જકોને આપશે રાષ્ટ્રીય સન્માન

આ એવોર્ડ આપવામાં આવશે

શ્રેષ્ઠ ફિલ્મ આર્ટિકલ 370
શ્રેષ્ઠ અભિનેત્રી યામી ગૌતમ
શ્રેષ્ઠ અભિનેતા 'બ્રહ્મયુગમ' માટે મમૂટી 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનને સંયુક્ત
દાદાસાહેબ ફાળકે એવોર્ડ અનંતનાગ
શ્રેષ્ઠ નોન ફિચર ફિલ્મ 'ભંગાર'
શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી 'રામ-નામી'

સમારોહનું આકર્ષણ

» બે વિસ્તારમાં વિશાળ ડોમ તૈયાર કરવામાં આવ્યો છે.
» દેશભરના ફિલ્મ સર્જકો, કલાકારો, દિગ્દર્શકો, નિર્માતાની હાજરી
» રણદીપ હૂડાને શ્રેષ્ઠ ડેબ્યૂ દિગ્દર્શક તરીકે સન્માનિ

ગાંધીનગર : ગુજરાતના એકતાનગરમાં આવતીકાલે ભારતીય સિનેમાનો ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. સરદાર પટેલની એકતા અને અખંડિતતાના વિશ્વપ્રતીક સમાન સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્ય પૃષ્ઠભૂમિમાં પ્રથમવાર 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન થયું છે. દેશભરની વિવિધ ભાષા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાને એક મંચ પર લાવનારા આ ઐતિહાસિક સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વર્ષ 2024ની ભારતીય સિનેમાની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ ફિલ્મ જગતના દિગ્ગજોને રાષ્ટ્રીય સન્માન એનાયત કરશે.

1954માં શરૂઆત થયેલા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારના ઇતિહાસમાં આ પ્રથમ વખત છે કે સમારોહ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની બહાર યોજાઈ રહ્યો છે. કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રાલયે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દેશના વિવિધ ભાગોમાં લઈ જવાનો નિર્ણય કર્યો છે અને ગુજરાતનું એકતાનગર આ નવી પરંપરાની શરૂઆતનું યજમાન બન્યું છે.

એટલે આવતીકાલનો દિવસ માત્ર ફિલ્મ જગત માટે જ નહીં, પરંતુ ગુજરાત માટે પણ વિશેષ ગૌરવનો પ્રસંગ બની રહ્યો છે.'કલ્કિ 2898 એડી', 'અમરન', 'પુષ્પાઃ ધ રૂલ પાર્ટ-02', 'ભૂલ ભુલૈયા 3' અને 'સ્ત્રી 2' સહિતની ફિલ્મો પણ વિવિધ કેટેગરીમાં રાષ્ટ્રીય સન્માન મેળવશે. વિવિધ ભારતીય ભાષાઓના ફિલ્મ સર્જકોને મળેલી આ માન્યતા સાથે એકતાનગરનો સમારોહ ભારતીય સિનેમાની વૈવિધ્યસભર સર્જનશક્તિની ભવ્ય ઉજવણી બની રહેશે.

દરમિયાન, ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું આજે વડોદરા એરપોર્ટ પર આગમન થતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયા, મેયર ગીતાબેન મકવાણા, પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર, મેજર જનરલ મોહિત ગાંધી અને કલેક્ટર ડો. અનિલ ધામેલિયા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ ત્યાંથી એકતાનગર જવા રવાના થયા હતા.

'તું મને કિસ કેમ નથી કરતી પાસે કેમ નથી આવતી'

પાંડેસરામાં કૌટુંબિક વહુ સાથે અડપલાં કરનાર જેઠ સામે ગુનો નોંધાયો

સુરતઃ પાંડેસરામાંકૌટુંબિક જેઠે પોતાની જ નાની ભાઈવહુને કીસ કરવા દબાણ કરી અડપલાં કરતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

મૂળ ઉત્તરપ્રદેશના ભદોહીના અને હાલ પાંડેસરામાં છ વર્ષના પુત્ર સાથે ભાડેથી રહેતા ૨૯ વર્ષીય મમતાબેનના (નામ બદલેલ છે) પતિ ભરૂચ ખાતે રિલાયન્સ કંપનીમાં નોકરી કરે છે સુરતમાં જ રહેતા તેમના કૌટુંબિક જેઠ અવનીશ દયારામ તિવારી અવારનવાર તેમના ઘરે આવતા-જતા હતા. બે મહિના પહેલાં પરિવાર બાલાજીનગર ખાતે રહેતો હતો ત્યારે બપોરે પતિ નોકરી પર ગયા હતા.

તે સમયે લંપટ જેઠ અવનીશ ઘરે આવ્યો હતો. રૂમમાં પાણી આપવા ગયેલી ભાઈવહુનો હાથ પકડી તેણે બળજબરીથી નજીક ખેંચી છાતી તથા કમરના ભાગે અયોગ્ય સ્પર્શ કરવા લાગ્યો હતો.પરિણીતાએ બૂમાબૂમ કરવાની ધમકી આપતાં તે છટકી ગયો હતો. બદનામીના ભયથી પીડિતાએ તે વખતે પતિને કંઈ કહ્યું ન હતું અને પરિવાર હાલના સ્થળે શિફ્ટ થઈ ગયો હતો.ત્યારબાદ ગત તારીખ ૧૭/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે પતિ ઘરે હાજર હતા ત્યારે ફરી અવનીશ ત્યાં આવી પહોંચ્યો હતો. તે પતિને અગાસી પર લઈ ગયો હતો અને ચાય પીવાનું બહાનું કાઢી પતિને દૂધ લેવા નીચે મોકલ્યો હતો. પતિ નીચે જતાં જ અવનીશે પાછળ આવી પરિણીતાનો હાથ પકડી 'તું મને કેમ કીસ આપતી નથી અને મારી પાસે કેમ નથી આવતી?' બનાવ બાદ ગભરાઈને રડતી પત્ની પાસેથી આપવીતી સાંભળી પતિ મુંઝવણમાં મુકાઈ ગયા હતા.

આખરે સસરાને વાત કરતાં તેમણે હિંમત આપી હતી.પાંડેસરા પોલીસે લંપટ જેઠ અવનીશ તિવારી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

દિવાળી પહેલાં ઉધના સ્ટેશનનો હોલ્ડિંગ એરિયા શરૂ કરવાનો ટાર્ગેટ

સુરત MMTH ફેઝ-1ની કામગીરી 51% પૂર્ણ

2.5 લાખ ચોરસ મીટરમાં વિકસી રહ્યું છે મલ્ટી-મોડલ હબ

સુરત MMTH ફેઝ-1

આશરે 2.5 લાખ ચોરસ મીટર વિસ્તારમાં બની રહેલા મલ્ટી-મોડલ હબના પ્રથમ ફેઝનું કામ 51% જેટલું પૂર્ણ થઈ ગયું છે. આ આખા પ્રોજેક્ટને ડિસેમ્બર 2027 સુધીમાં પૂરો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

પ્લેટફોર્મ 1 અને 2 ની સમીક્ષા

સુરત સ્ટેશન પર ચાલી રહેલા વર્તમાન કાર્યોની સાથે પ્લેટફોર્મ નંબર 1 અને 2 વચ્ચે સૂચિત આગામી તબક્કાના કામકાજની વિગતો પણ મેળવવામાં આવી હતી.

ઉધના સ્ટેશન હોલ્ડિંગ એરિયા

સુરત બાદ GM ઉધના સ્ટેશન પહોંચ્યા હતા અને પૂર્વ દિશા તરફ બની રહેલા હોલ્ડિંગ એરિયાની મુલાકાત લઇ મુસાફરો માટે બેસવાની વ્યવસ્થા, પીવાનું પાણી, શૌચાલય અને સુરક્ષાની સમીક્ષા કરી હતી.

સુરતઃ તહેવારોની સીઝનમાં સુરતથી ઉત્તર ભારત તરફ જતી ટ્રેનોમાં મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને રેલવે વિભાગે ઉધના સ્ટેશન પર બની રહેલા હોલ્ડિંગ એરિયાને દિવાળી અને છઠ્ઠ પૂજા પહેલાં શરૂ કરવાની તૈયારીઓ તેજ કરી દીધી છે.

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેયે સોમવારે સુરત અને ઉધના રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી અને પુનઃવિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને સમયમર્યાદાનું પાલન કરીને કામની ગતિ વધારવા કડક સૂચના આપી છે.

જનરલ મેનેજર સોમવારે સાંજે આશરે 4:30 વાગ્યે વડોદરાથી કોચિંગ સ્પેશિયલ ટ્રેન દ્વારા સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 4 પર પહોંચ્યા હતા. ત્યાં તેમણે મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના DRM પંકજ સિંહ, સ્ટેશન ડાયરેક્ટર શ્રવણ મેઘવાલ અને SITCOના અધિકારીઓ સાથે સુરત મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ (MMTH) ના નિર્માણ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું.

રાત્રે અગિયાર વાગ્યે ઉદયપુર પહોંચીને સુરતીઓ શું કરશે?

મેઇન્ટેનન્સના નામે વંદે ભારતનો સમય બદલવાની માંગ સામે સુરતીઓમાં ભારે રોષ

આ પ્રસ્તાવ માત્ર ઉદયપુરના હોટલ સંચાલકોનો એકતરફી સ્વાર્થ છતો કરે છે

ઉદયપુર વંદે ભારત મામલે હોટલ એસોસિએશનની અવ્યવહારુ માંગથી રોષ

સુરતઃ સુરત અને ઉદયપુર વચ્ચે દોડનારી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના સંચાલનને લઈને વિવાદ વકર્યો છે. પશ્ચિમ રેલવે દ્વારા સુરત ડેપોમાં મેઈન્ટેનન્સની ખામીઓ દર્શાવ્યા બાદ, ઉદયપુર હોટલ એસોસિએશને રેલ મંત્રીને પત્ર લખીને ટ્રેન રદ કરવાને બદલે તેનો સમય બદલવાની માંગ કરી છે. પરંતુ એસોસિએશનની આ માંગ તદ્દન અવ્યવહારુ અને મુસાફરોની મુશ્કેલીઓને અવગણનારી સાબિત થઈ રહી છે.

હોટલ એસોસિએશને સૂચવેલા નવા ટાઈમટેબલ મુજબ, આ ટ્રેન સુરતથી બપોરે ૩:૩૦ વાગ્યે ઉપડીને રાત્રે ૧૧ વાગ્યે ઉદયપુર પહોંચશે. આ પ્રસ્તાવ સામે સૌથી મોટો સવાલ એ ઉભો થાય છે કે રાત્રે બરાબર ૧૧ વાગ્યે ઉદયપુર પહોંચીને સુરતના મુસાફરો કે પર્યટકો શું કરશે? રાત્રે ૧૧ વાગ્યે અજાણ્યા શહેરમાં પહોંચ્યા પછી હોટલ શોધવી, પરિવાર સાથે સુરક્ષિત જગ્યાએ પહોંચવું અને બાળકો કે વડીલોને લઈને રઝળપાટ કરવી શું કોઈ વ્યવહારુ વિકલ્પ હોઈ શકે?

આ પ્રસ્તાવ માત્ર ઉદયપુરના હોટલ સંચાલકોનો એકતરફી સ્વાર્થ છતો કરે છે, જેને મુસાફરોની હાલાકી સાથે કોઈ લેવાદેવા નથી. સુરતથી વીકેન્ડ કે વેકેશનમાં ઉદયપુર ફરવા જતા પરિવારો માટે આ સમય અનુકૂળ રહેવાને બદલે મુસીબત બની જશે. મોડેથી પહોંચવાને કારણે પ્રવાસીઓનો પહેલો દિવસ એળે જશે અને હોટલનું બુકિંગ પણ બિનજરૂરી રીતે પ્રભાવિત થશે. સુરત અને ઉદયપુર વચ્ચેનો વ્યાપારિક અને પ્રવાસન નાતો અત્યંત ગાઢ છે, પરંતુ મેન્ટેનન્સના બહાને મુસાફરોના ભોગે આવો અતાર્કિક સમય સ્વીકારી શકાય નહીં. રેલવે પ્રશાસને સુરત ડેપો ખાતે જ મેઈન્ટેનન્સની યોગ્ય સુવિધાઓ વિકસાવવી જોઈએ, જેથી સુરતના મુસાફરોને સમયસર અને આરામદાયક સેવા મળી રહે.

રિક્ષામાં આવેલા લૂંટારુઓએ મહિલાને ફેંકી દેતા ફ્રેક્ચર

ગણેશોત્સવમાં જ લિંબાયતમાં પગપાળા બડાગણેશનાં દર્શન કરવા જતાં ભક્તોનો મોબાઇલ આંચકી લેવાયો

સુરતઃ મોબાઇલ સ્નેચરોએ મહિલાને ધક્કો મારી ફેંકી દેતા હાથમાં ફ્રેક્ચર થઇ ગયું છે. 30 વર્ષીય મહિલા પગપાળા બડા ગણેશના દર્શન કરવા ગઇ હતી ત્યારે લિંબાયતના મહાપ્રભુ સર્કલ પાસે આ ઘટના બની હતી.

લિંબાયતના રામેશ્વર નગર ખાતે રહેતા પૂજાબેન દિલીપભાઈ રાજપૂત (ઉં.વ.૩૦) ગત તારીખ ૧૯/૦૯/૨૦૨૬ ના રોજ વહેલી સવારે સાડા ચારેક વાગ્યાના અરસામાં તેમના જેઠાણી દીપાલીબેન, ભત્રીજી ભાગ્યશ્રી તથા ભાડુઆત હર્ષિતા સાથે કતારગામ સ્થિત બડા ગણેશના દર્શન કરવા પગપાળા જઈ રહ્યા હતા. તેઓ જ્યારે મહાપ્રભુનગર સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતા તે સમયે ૧૦ વર્ષની ભત્રીજી ભાગ્યશ્રી તેના હાથમાં રૂ.૩૦,૦૦૦ ની કિંમતનો મોબાઈલ હતો. આ વેળાએ નજીક આવીને રોકાયેલી એક અજાણી ઓટો રિક્ષામાંથી ડ્રાઈવરે પૂછ્યું હતું કે, 'કહા પે જાઓગે'. જોકે મહિલાઓએ 'અમારે ક્યાંય નથી આવવું' તેમ કહેતા જ રિક્ષા ડ્રાઈવરે ચપ્પુ બતાવી ભાગ્યશ્રીના હાથમાંથી મોબાઈલ આંચકી લેવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે પૂજાબેને વચ્ચે પડી મોબાઈલ બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જેથી ઉશ્કેરાયેલા રિક્ષા ડ્રાઈવરે ઝપાઝપી કરી પૂજાબેનને જોરથી ધક્કો મારી નીચે પાડી દીધા હતા. અને મોબાઈલ આંચકી ભાગી ગયા હતા. આ ઘટનામાં પટકાયેલા પૂજાબેને હાથમાં ફ્રેક્ચર થયું છે.

ગ્રામસેવકો ઓનલાઈન કામગીરીથી અળગા રહેતા કામગીરીને અસર

સુરતઃ ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળના આહ્વાન હેઠળ પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે ગ્રામસેવકોએ આજથી ઓલનાઈન કામગીરીનો બહિષ્કાર કર્યો હતો. ઓનલાઈન કામગીરીના બહિષ્કારના કારણે ખાસ કરીને ખેડૂતો સાથે સંકળાયેલી વિવિધ યોજનાઓ, પોર્ટલ અને એપ્લિકેશનની કામગીરીમાં સીધી અસર પડી છે. ગ્રામસેવક મંડળે સ્પષ્ટ કર્યું છે કે સરકાર તરફથી પડતર પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ નહીં આવે ત્યાં સુધી આંદોલનને તબક્કાવાર આગળ વધારવામાં આવશે.

ગ્રામસેવક મંડળના જણાવ્યા મુજબ, ગ્રામસેવકો લાંબા સમયથી પોતાની વિવિધ પડતર માંગણીઓ અંગે સરકાર અને સંબંધિત વિભાગ સમક્ષ રજૂઆતો કરી રહ્યા છે. અગાઉ મહામંડળ દ્વારા સરકારને સાત દિવસનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. જોકે, પ્રશ્નોના નિરાકરણ માટે અસરકારક સંવાદ કે હકારાત્મક નિર્ણય નહીં લેવાતા આંદોલનને તબક્કાવાર ઉગ્ર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 21 તારીખથી ગ્રામસેવકો I-KHEDUT PORTAL, કૃષિ પ્રગતિ, કૃષિ મેપર, કર્મયોગી પોર્ટલ, GCES એપ્લિકેશન અને તાર ફેન્સીંગ એપ્લિકેશન સહિતની વિવિધ ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કર્યો હતો. ખાસ કરીને ખેડૂતોને લગતી વિવિધ અરજીઓ, માહિતીની એન્ટ્રી, ચકાસણી અને સરકારી યોજનાઓ સાથે સંકળાયેલી કામગીરીમાં વિલંબ થવાની શક્યતા છે. ગ્રામસેવકોના જણાવ્યા મુજબ હાલમાં ગ્રામ્ય સ્તરે ખેડૂતો સાથે સંકળાયેલી અનેક કામગીરી તેમની જવાબદારીમાં આવે છે. તેમાં પાક કાપણી અખતરા, PM-KISAN e-KYC, ફાર્મર રજિસ્ટ્રી સહિતની કામગીરીનો પણ સમાવેશ થાય છે. આ કામગીરી ઉપરાંત રેવન્યુ તલાટી, પંચાયત તલાટી અને ખેતી મદદનીશ કેડરની કામગીરી પણ ગ્રામસેવકો પાસે કરાવવામાં આવતી હોવાની રજૂઆત કરવામાં આવી છે.

પદયાત્રીઓ પર કાર ફરી વળતા એકનું મોત, 12ને ઇજા

હિંમતનગર પાસે રોષે ભરાયેલા ટોળાએ કાર સળગાવી

ભક્તો અંબાજી જતાં હતા, ચાલક નશામાં હોવાની પ્રાથમિક માહિતી

ગાંધીનગર : ભાદરવી પૂનમના મેળા પૂર્વે અંબાજી દર્શને પગપાળા જતા પદયાત્રીઓની સુરક્ષા સામે ફરી ગંભીર સવાલો ઊભા થયા છે. હિંમતનગર-ઇડર હાઇવે પર દોલગઢ પાટિયા પાસે પૂરપાટ ઝડપે આવેલી સ્કોર્પિયો કારે પદયાત્રીઓના જૂથને અડફેટે લેતાં એક પદયાત્રીનું મોત થયું છે, જ્યારે 12 જેટલા પદયાત્રીઓ ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ કારચાલક ભાગવાનો પ્રયાસ કરતાં ઘટનાસ્થળે હાજર લોકો અને પદયાત્રીઓ રોષે ભરાયા હતા અને ટોળાએ કારને રોકી તેમાં આગ ચાંપી દીધી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ અંબાજી તરફ મોટી સંખ્યામાં પદયાત્રીઓ આગળ વધી રહ્યા હતા ત્યારે દોલગઢ પાટિયા નજીક આ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવેલી સ્કોર્પિયોએ એકસાથે અનેક પદયાત્રીઓને અડફેટે લીધા હતા. ટક્કર બાદ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત સર્જાયા બાદ કારચાલકે ત્યાંથી ભાગી છૂટવાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળતાં સ્થાનિકો અને પદયાત્રીઓએ કારને રોકી હતી. ઉશ્કેરાયેલા ટોળાએ કારને આગ ચાંપી દેતાં થોડી જ વારમાં સ્કોર્પિયો ભડકે બળી ગઈ હતી.

ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. સ્થાનિકોમાં એવો રોષ છે કે પદયાત્રીઓની મોટી અવરજવર હોવા છતાં હાઇવે પર વાહનોની અવરજવર અંગેના પ્રતિબંધોનું પાલન થતું નથી. બીજી તરફ, કારચાલક દારૂના નશામાં હોવાની માહિતી પણ સામે આવી છે, જોકે તેની સત્તાવાર પુષ્ટિ તપાસ બાદ જ થઈ શકશે. અકસ્માતની જાણ થતાં જિલ્લા પોલીસ વડા, ડીવાયએસપી અને ગ્રામ્ય પોલીસ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

ઇજાગ્રસ્તોની યાદી

(1) દિલીપકુમાર સજ્જનસી પટેલ
(2) મહેશભાઈ મગનભાઈ પટેલ
(3) હાર્દિકકુમાર રતિલાલ સોલંકી
(4) મોહનભાઈ રમણભાઈ વાઘેલા
(5) ચેતનાબેન મોહનભાઈ
(6) સુનિલભાઈ નગીન બારીયા
(7) વક્તુભાઈ ગલબાભાઈ
(8) મુકેશકુમાર નટવરભાઈ પટેલ
(9) રમેશભાઈ ચંદ્રસિંહ પરમાર
(10) આશાબેન મહેશભાઈ પટેલ
(11) રણજીતભાઈ રમેશ વાઘેલા
(12) વિજયભાઈ ધીરૂભાઈ પટેલ

દક્ષિણ ગુજરાતમાં હજુ બે દિવસ ગાજવીજ સાથે વરસાદ ત્યારબાદ વિદાય

સુરતમાં 33.7 ડિગ્રી તાપમાન સાથે બફારો વધ્યો

સુરત : મધ્યપૂર્વ અને લાગુ ઉત્તરપૂર્વ અરબી સમુદ્રમાં સર્જાયેલા અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને પગલે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત્ છે. આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જોકે, ત્યારબાદ વરસાદની પ્રવૃત્તિમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા હોવાથી ગુજરાતમાંથી ચોમાસાની વિદાયનો તબક્કો શરૂ થવાના સંકેત મળી રહ્યા છે. સુરતમાં આજે છૂટાછવાયા વરસાદ વચ્ચે તાપમાનમાં આશરે દોઢ ડિગ્રીનો વધારો થતાં મહત્તમ તાપમાન 33.7 ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન પણ અડધો ડિગ્રી વધીને 26 ડિગ્રી રહ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ 70 ટકા નોંધાયું હતું, જ્યારે પવનની ગતિ એકદમ મંદ રહેતાં ગરમી અને ભેજના કારણે દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટ અને બફારો અનુભવાયો હતો. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. જોકે, વરસાદની અસર ધરાવતા વિસ્તારોની સંખ્યા ધીમે ધીમે ઘટતી જશે.

ખજોદ ડમ્પિંગ પર 2ની જગ્યાએ 4 મશીનથી પ્રોસેસિંગનો નિર્ણય

10 લાખ મેટ્રિક ટન સુધી કચરો જમા થયાનો અંદાજ, એજન્સીને વધુ બે મશીન લગાવી છ મહિનામાં બેકલોગ દૂર કરવાનો ટાર્ગેટ

ઉંબેરમાં 2027ના પ્રારંભે 1500 મેટ્રિક ટન કચરાનું પ્રોસેસિંગ શરૂ થશે, ત્યાં સુધી ખજોદમાં જ વૈકલ્પિક સાઇટ પર વધારાનો કચરો પ્રોસેસ કરાશે

હોટફિક્સ કચરાને કોમ્પેક કરવા મશીન ખરીદાશેઃ કમિશનર

શહેરમાં હોટફિક્સના કચરાના નિકાલનો મુદ્દો સુરત મનપા માટે માથાનો દુખાવો બની રહ્યો છે. હોટફિક્સના કચરાના ઢગલા, તેના સંગ્રહ અને નિકાલને લઈને અગાઉ મનપાની કામગીરી સામે અનેક સવાલો ઊઠ્યા હતા. આ મામલે હવે મનપા તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. મનપા કમિશનર રાજકુમાર બેનીવાલે જણાવ્યું હતું કે, હોટફિક્સના કચરાના નિકાલ માટે મનપા દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ખાસ કરીને હોટફિક્સના કચરાને કોમ્પેક કરી શકાય તે માટે જરૂરી મશીનરી વસાવવાની દિશામાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. માત્ર મશીનરી વસાવીને કચરાનો જથ્થો ઘટાડવા પૂરતું મર્યાદિત ન રહેતાં મનપા દ્વારા હોટફિક્સના કચરામાંથી સ્ટીમ બનાવતી એજન્સીઓ સાથે પણ વાતચીત શરૂ કરવામાં આવી છે. આ અંગે વાપીની એક એજન્સી સાથે પણ ચર્ચા થઈ હોવાનું કમિશનરે જણાવ્યું હતું.

સુરતઃ સુરત મનપા માટે માથાના દુખાવા સમાન બનેલી ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર ફરી એક વખત કચરાના ઢગલા ઊભા થતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. ખજોદ ખાતે ઘનકચરાના નિકાલનો ઈજારો લેનારી એજન્સી દ્વારા અપેક્ષિત ગતિએ કામગીરી ન થતી હોવાના કારણે ડિસ્પોઝલ સાઈટ પર કચરાનો મોટો જથ્થો એકત્ર થયો છે. એક અંદાજ મુજબ હાલ ખજોદ સાઈટ પર લગભગ 10 લાખ મેટ્રિક ટન જેટલો કચરો એકત્ર થયો હોવાનું સામે આવ્યું છે.

ખજોદ ડિસ્પોઝલ સાઈટની સ્થિતિને લઈ મનપા કમિશનર રાજકુમાર બેનીવાલે જાતે સ્થળ પર પહોંચી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપરાંત સાઈટ પર કામગીરી કરતી એજન્સીના પ્રતિનિધિઓ સાથે પણ તેમણે ચર્ચા કરી હતી. કમિશનરના જણાવ્યા મુજબ હાલ એજન્સી દ્વારા બે મશીન મારફતે કચરાનું પ્રોસેસિંગ કરવામાં આવી રહ્યું છે. જોકે, કામગીરીની ગતિ ધીમી જણાતાં વધુ બે મશીન તાત્કાલિક કામે લગાડવા એજન્સીને સૂચના આપવામાં આવી છે. એટલે હવે કુલ ચાર મશીનથી કામગીરી ઝડપી બનાવવામાં આવશે.

કમિશનરે જણાવ્યું હતું કે, હાલ રોજ એકત્રિત થતો ઘનકચરો પ્રોસેસ કરવામાં આવી રહ્યો છે. વધુ બે મશીન કાર્યરત થયા બાદ ખજોદ ખાતે હાલ એકત્ર થયેલા કચરાના બેકલોગનું પ્રોસેસિંગ આગામી છથી સાત મહિનામાં પૂર્ણ કરવાનો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે. મૂળ ઈજારામાં ત્રણ વર્ષ દરમિયાન 1 લાખ મેટ્રિક ટન ઘનકચરાના નિકાલની જવાબદારી ધરાવતી એજન્સીની કામગીરી અગાઉ પણ ચર્ચામાં રહી હતી. કામગીરીમાં અપેક્ષિત પ્રગતિ ન હોવા છતાં અગાઉ દંડાત્મક કાર્યવાહી અંગે સવાલો ઊઠ્યા હતા અને એજન્સીને કરોડો રૂપિયાના બિલની ચૂકવણી પણ કરવામાં આવી હોવાની ચર્ચા છે. કામગીરીની સ્થિતિને જોતાં ઈજારો વધુ સમય માટે લંબાવવાની ફરજ તંત્રને પડી હતી. હવે બીજા તબક્કામાં પણ કામગીરી ધીમી રહેતા ખજોદમાં કચરાના ઢગલા વધ્યા છે. બીજી તરફ ઉંબેર ખાતે નવી ડિસ્પોઝલ સાઈટ વિકસાવવાનું કામ ચાલી રહ્યું છે. વર્ષ-2027ના પ્રારંભમાં ઉંબેરની સાઈટ અંશતઃ ક્ષમતા સાથે શરૂ થાય તેવી શક્યતા છે. શરૂઆતમાં આશરે 1500 મેટ્રિક ટન જેટલો ઘનકચરો ઉંબેર ખાતે પ્રોસેસિંગ માટે મોકલવાનું આયોજન છે. જોકે, ઉંબેરની સાઈટ સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત થાય ત્યાં સુધી ખજોદમાં જ હાલની ડિસ્પોઝલ સાઈટની બાજુમાં વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. ઉંબેર ખાતે 1500 મેટ્રિક ટન કચરો મોકલ્યા બાદ બાકી રહેતા શહેરના ઘનકચરાના પ્રોસેસિંગ અને નિકાલ માટે ખજોદ ખાતે આ નવી સાઈટનો ઉપયોગ કરવામાં આવશે. આ માટે ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સુડોકુ ૬૬૩૪ 'ક્રુટ'

				૫	૩		૧	૭
૭			૬		૨			૫
	૮	૫	૭			૩	૬	૯
	૭							
૩	૬				૯	૫	૮	૧
		૨		૩	૧			૬
૫	૯		૧		૭			૪
	૩	૬	૯		૫	૧		૨
	૨	૭	૩	૪			૫	૮

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ-૬૬૩૪

૬	૪	૯	૮	૫	૩	૨	૧	૭
૭	૧	૩	૬	૯	૨	૮	૪	૫
૨	૮	૫	૭	૧	૪	૩	૬	૯
૯	૭	૧	૫	૬	૮	૪	૨	૩
૩	૬	૪	૨	૭	૯	૫	૮	૧
૮	૫	૨	૪	૩	૧	૭	૯	૬
૫	૯	૮	૧	૨	૭	૬	૩	૪
૪	૩	૬	૯	૮	૫	૧	૭	૨
૧	૨	૭	૩	૪	૬	૯	૫	૮

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

બક્ષી, ઉક્ષી

Calycopteris તરીકે ઓળખાતા આ વૃક્ષના મૂળનો ઉકાળો શરીરના દારુણ રોગો ઉપર વપરાય એવું આદિવાસી મિત્રો કહે છે અને તેથી શરીરની અંદર ગરમી વધે ત્યારે એનાજ પાનનો રસ પીવાથી લાભ થાય છે. આ વૃક્ષ પર સંશોધન હાથ ધરવા ભલામણ કરીએ છીએ.

સરીગામના શખ્સ સાથે રૂપિયા 98,000ની ઠગાઈ

ઉમરગામ : સરીગામના એક શખ્સ સાથે રૂપિયા 98 હજારની ઠગાઈ થઈ છે. લાઈવ ક્રિકેટ બતાવવાની એપ્લિકેશન મોકલી મોબાઈલ ફોન હેક કરી બે અજાણ્યાઓએ ઠગાઈ કરી હતી. સરીગામમાં રહેતા અને અણગામની પાલીયા ફુટવેર કંપનીમાં કામ કરતા આદિત્યકુમાર બાલકૃષ્ણ દ્વિવેદી (ઉ.વ 56)એ ફેસબુક પર મફતમા લાઈવ ક્રિકેટ જોવાની જાહેરાત જોતાં એપ્લિકેશન ડાઉનલોડ કરી ઈન્સ્ટોલ કરી હતી. એપ્લિકેશન ડાઉનલોડ કર્યા બાદ તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો. દરમિયાન HDFC બેંકમાંથી રૂપિયા 80,000 અને રૂપિયા 18,000 મળી કુલ રૂપિયા 98000 ના બે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન થઈ ગયા હતા. આ વાતની ખબર પડતા તેમણે બેન્ક એકાઉન્ટ બંધ કરાવી દીધુ હતુ. અને 1930 ઉપર ઓનલાઈન કમ્પ્લેન કરી હતી.

આજનું પંચાંગ

તા. 22/09/2026, મંગળવાર
વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ભાદરવો
તિથિઃ સુદઃ અગિયારસઃ 21:44
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવાઃ 31
યોગ : અતિગંડ **કરણઃ** વણિજ
નક્ષત્ર : ઊ.ષા.:- 07:07 પછી શ્રવણ
રાશિઃ મકર (ખ,જ)
દિવસ : પરિવર્તિની એકાદશી-દક્ષિણ ગોલારંભ, વિષુવ દિન
સુરતમાં સૂર્યોદય : 06:29 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:34**નવકારસી :** 07:17
પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 09મો રોજ
મુસલમાન વર્ષ : 1448, રબિઉલ આખર માસનો 10મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાંઃ કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે 15:00 થી 16:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): નવા કામની શરૂઆત થઇ શકે છે. પ્રોજેક્ટની જવાબદારીથી નવુ શીખવા મળે. વેપાર ધંધામાં આવક વધશે.

વૃષભ (બ,વ,ઉ,): વડીલોની સલાહથી સામાજિક કાર્યપૂર્ણ થાય. નોકરીમાં નવી તક અને વિદેશના કામમાં પ્રગતિ થાય.

મિથુન (ક,છ,ઘ,): ગુસ્સા પર કાબૂ રાખવો. અચાનક નવી તક મળશે. આર્થિક વ્યવહારમાં સાવધાન રહેવું પડવા-વાગવાથી સાવધાન.

કર્ક (ડ,હ,): ટીમ વર્કનો લાભ મળે. ભાગીદારીમાં તાલમેળ રાખવાં. સમાજ જીવનમાં યશ મળે. રોજના કામમાં પ્રગતિ થાય.

સિંહ (મ,ટ,): કોઇ વિવાદમાં પડવું નહીં બીન જરૂરી ખર્ચાથી બચવું. નોકર-ચાકરથી નુકશાન થઇ શકે છે.

કન્યા (પ,ઠ,ણ,): શેર, સટ્ટા, લોટરીમાં ધીરજ અને યોગ્ય માર્ગદર્શન પ્રમાણે કામ કરવું. આત્મવિશ્વાસ વધે તેવા કામ પાર પડે.

તુલા (ર,ત,): ઘરમાં સુખ-સગવડના સાધનોનાં અને સજાવટના ખર્ચા વધશે. નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધે.

વૃશ્ચિક (ન,ય,): ભાઈ મિત્રો વગેરેની મદદથી આર્થિક લાભ થઇ શકે તેમ છે. માર્કેટીંગના કામમાં સફળતા મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): પારિવરીક પ્રશ્નો અને સામાજિક સમસ્યા બાબતે મદદ મળે. લાગણી અને સેવાભાવના સ્વભાવ પર કાબૂ રાખશે.

મકર (ખ,જ,): પ્રવાસમાં સાવધાન રહેવું નોકરી ધંધામાં પરિવારનો સાથ મળે. આવક વધારવાની તક મળે.

કુંભ (ગ,સ,શ,ષ,): માનસિક અશાંતિ વધે. સંતાનોના પ્રશ્નો સતાવે. વિદેશનાં કામમાં મદદ મળે. ખર્ચા વધશે..

મીન (દ,ચ,ઝ,થ,): અચાનક શુભ સમાચાર મળે. મિત્રોની મદદથી સામાજિક કામ થાય. પ્રેમમાં સાથ મળે.

કોઈ પણ સાલમાં 22 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નવા વેપાર ધંધાની યોજના બને. નોકરી-ધંધામાં હરીફો સતાવે નવી ટેક્નોલોજીનો લાભ મળે. સમાજમાં માન વધે. સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉઘરાણી આવી શકે છે. આર્થિક બાબતે સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં વડીલોનો સાથ મળે. નવા વેપાર-ધંધાની યોજનામાં મિત્રો મદદરૂપ બને. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે.ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં અવરોધ આવે. વધારાની આવકની યોજનામાં ચડતી-પડતી રહે. વર્ષ દરમ્યાન વિશ્વાસઘાતથી સાવધાન રહેવું. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈ, રવિ-સોમ-બુધવાર, 04,13,22, 31 તારીખે નવા કામ કરવાં. નીલા રંગનો ઉપયોગ વધારવો નવેમ્બર, ડિસેમ્બર, શનિ, શુક્રવાર 7, 16, 25 તારીખે નવા કામ ટાળવા સફેદ રંગનો ઉપયોગ ટાળવો.